**પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને રાષ્ટ્રીય દિવસ ઉજવણીમાં મોરેશિયસનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પ્રાપ્ત થયો (12 માર્ચ, 2025)**

12 માર્ચ, 2025

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ મોરિશિયસ ગણરાજ્યના 57મા રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે ભાગ લીધો હતો.

2. ઉજવણી દરમિયાન, મોરેશિયસ ગણરાજ્યના રાષ્ટ્રપતિ મહામહિમ શ્રી ધર્મબીર ગોખૂલેએ પ્રધાનમંત્રી મોદીને મોરેશિયસના સર્વોચ્ચ નાગરિક સન્માન ગ્રાન્ડ કમાન્ડર ઑફ ધ ઑર્ડર ધ સ્ટાર એન્ડ કી ઑફ ધ ઇન્ડિયન ઓશન (G.C.S.K) થી સન્માનિત કર્યા, આ પ્રથમ અવસર છે, જેમાં કોઈ ભારતીય રાજનેતાને આ સન્માન મળ્યું હોય.

3. પ્રધાનમંત્રી મોદીએ આ પુરસ્કારને ભારત અને મોરેશિયસ વચ્ચેની મિત્રતા અને ભારતના 1.4 અબજ લોકો અને મોરેશિયસમાં રહેતા તેમના 1.3 મિલિયન ભાઈ-બહેનોને સમર્પિત કર્યો.

4. રાષ્ટ્રીય દિવસની ઉજવણી દરમિયાન, ભારતીય નૌકાદળની માર્ચિંગ ટુકડીએ પરેડમાં ભાગ લીધો હતો. રાષ્ટ્રીય દિવસ ઉજવણીના આ પ્રસંગે ભારતીય નૌકાદળનું એક જહાજ પણ મોરેશિયસ બંદરે પહોંચ્યું.

પોર્ટ લુઇ

12 માર્ચ, 2025